<u>**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે સ્કીલ ડેવલોપમેન્ટ માટે તાલીમનું આયોજન**</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે સ્કીલ ડેવલોપમેન્ટ માટે બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ હેઠળ પ્રથમ દિવસે બાગાયત વિભાગ, અમદાવાદ સાથે સંયુક્ત ઉપક્રમે બહેનોને ટામેટાનો કેચપ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. દ્વિતીય દિવસે સૌર ઉર્જા ઉપયોગ કરીને બાગાયતી પાકોની સુકવણી કરવાની વિસ્તૃત માહિતી આપી નિદર્શન બતાવવામાં આવ્યા હતા. સદર કાર્યક્રમમાં ડો. વિરેન્દ્રકુમાર પરમાર, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એ સ્કીલ ડેવલોપમેન્ટની તાલીમથી પ્રેરિત થઇ બહેનોને સ્વ-રોજગારી માટે જણાવ્યું હતું. ડો નિતિન પટેલ, વૈજ્ઞાનિકએ કચેરી ખાતેના નિદર્શનોની મુલાકાત કરાવી હતી અને ડો. હર્ષ દેસાઈ, વૈજ્ઞાનિકએ કિચન ગાર્ડનની માહિતી આપી હતી. સદર કાર્યક્રમમાં બગોદરા ગામના ૪૦ ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો.








